ગૂજરાતી પ્રાઈમરી નિશાળના ધોરણ પેહેલાની
સઘળી બાબતોની ખુલાસાવાર

નોટ.

સુધારા વધારા સાથે છપાવી પ્રસિદ્ધ કરનાર

કુંવરજી ગગજી ભટ્ટ.

(પાણશીણાવાળા.)

સ૦ વર્નાક્યુલર સ્કુલ માસ્તર ઓફ મોણપુર.
તા. ચીતળ. પ્રાંત કાઠિઆવાડ.

આવૃત્તિ પહેલી.

અમદાવાદમાં

મામાની હવેલીમાં યુનાઈટેડ પ્રિન્ટિંગ અને
જનરલ એજન્સી કંપની "લિમિટેડ"ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપી.

સંવત ૧૯૪૪. ઈ. સન ૧૮૮૭.

કિંમત રૂ. ૦-૨-૦

દીબાચો.

આ નોટ બનાવવાનો હેતુ એ છે જે હાલમાં જૂદા જૂદા વિષયપર ઘણાં પુસ્તકો રચાએલાં છે; પરંતુ ભણનારાઓને તે બુકોનાં જાદે ખર્ચ, મહેનત ને રોકાતો વખત મુંઝવણમાં નાંખી દે છે. તોપણ જોઇએ તેવો હેતુ પાર પડતો નથી, તે પાર પાડવાના ઈરાદાથી આવી નોટોની જરૂર જાણી આ નોટબુક સેવામાં મુકું છું.

આ પુસ્તક રચવામાં અહીંના પટેલ વઘાશીઆ કાનજી પ્રેમજીએ નાણાંની મદદ આપી છે; તેથી તેમનો ઉપકાર માનું છું.

આ મારો પહેલો પ્રયત્ન છે માટે તેમાં કંઈ ચૂક જણાયતો વાંચનારી આલમ દર ગૂજર કરશો. તેમજ તે તથા કાંઈ સુધારવા જેવું જણાય તે મહેરબાની કરી લખશો, તો બીજી આવૃત્તિમાં ઉપકાર સાથે સુધારીશું.

ગ્રંથકર્ત્તા.

પ્રસ્તાવના.

આંક ધોરણ મુજબ અગીઆરના પાડાથી શરૂ કરી સવાયાં પૂરાં કરાવવાં દરમીઆન પાછલા પાડા પાકા થવા જોઇએ. આપ્રમાણે વખત પત્રક રાખી આ તથા નીચેની બાબતો અભ્યાસ પત્રક અનુસરી કરવી જોઇએ. સંખ્યા આ ધોરણને દશ હજાર અવળી સવળી પરિમાણ તરીકે માંડવા શીખવી તે બસછે. ગૂજરાતી મૂળાક્ષરો ધોરણ બહારના વર્ગમાં શિખ્યા હોય તે પાકા થતાં ગૂજરાતી પહેલી ચોપડીના અનુક્રમ પાઠો આ સાથે જણાવેલા શબ્દાર્થ અનુસરી કરવા; સાથે બાળબોધી મૂળાક્ષરો તથા આંકડા શીખવા. સવારે રજા આપતાં કવાયત તથા સાંજે રજા આપતાં જણાવેલી કસરત કરાવવાથી, તેના શરીરનો બાંધો મજબૂત થશે, અને છોકરાને આનંદ થવાથી નિશાળમાં આવવાનું તથા ભણવું ખુશકારક લાગશે. લખોટા યંત્રની મદદથી આંક શિખવ્યા હોયતો અનુભવ સિદ્ધ જ્ઞાન થવાથી સદાકાળ આંક રમણ થોડી વખત તથા થોડી મહેનતે થશે. આંક અને બારાખડીની પરીક્ષાના સવાલ પ્રમાણે પલાખાં તથા શબ્દ હમેશાં લખાવવા.

અનુક્રમણિકા.

"દોકડા."　　　"૧ લું ધોરણ."

"૧૦૦—૧ લો વિષય—આંક, દેશીહિસાબ ભાગ ૧ લા-
માંથી સવાયા પર્યંત (સહીત)
એટલે તે લખો ટાયંત્રનો ઉપયોગ."

"૧૦૦—૨ જો વિષય—૧ લી [1]ચોપડી વાંચવી; સાથમાં
ગાવું; સામાન્ય જ્ઞાનના પાઠ."

"૧૦૦—૩ જો વિષય—બારાખડી પુરી પાટી અથવા સ્લેટ
ઉપર સફેદાને પાણીથી શીખેલા
પાઠ લખવા."

---

૧ જ્યાં સરકારી વાંચનમાળાની ચોપડીનું નામ લખેલું હોય, ત્યાં તેવીજ મુશ્કેલીની અને માન્ય ગુણોવાળી બીજી કોઈ ચોપડી પણ આ ખાતાની તરફથી કબુલ રાખવામાં આવશે.

"બાર સારી શીખામણો."

"૧ વખતસર અને નિયમીત રીતે હાજર રહેવું."

"૨ શરીર તથા કપડાં ચોખ્ખાં રાખવાં."

"૩ વિવેકથીને નરમાસથી વર્ત્તવું."

"૪ પોતાના વર્ગમાંજ રહેવું; આમ તેમ ફરતા ફરવું નહિ."

"૫ પાઠ ચાલતી વેળા વાતચિત્ત કરવી નહિ."

"૬ દફતર પાસેનું પાસે રાખવું."

"૭ જે લખવાનું હોય તે સંભાળીને લખવું."

"૮ પાઠ ચાલતી વખત બનતાં સુધી વર્ગમાંથી જવાની રજા માગવી નહિ."

"૯ વગર રજાએ શિક્ષક સાથે કંઈ બોલવું નહિ."

"૧૦ જેમ બને તેમ ઉપર નંબર રાખવા મહેનત કરવી."

"૧૧ શિક્ષક કહે તેપર ધ્યાન આપવું; અને તેમની મર્યાદા રાખવી."

"૧૨ હમેશાં પોતાના પાઠ સારી રીતે સમજી તૈયાર કરવા."

નિશાળના વખતનું વખત પત્રક.

૭થી૭॥	૭॥થી૮	૮॥થી૯	૯થી૧૦	૨થી૩	૪થી૫	રીમાર્ક.
વાંચન.	ગાવું.	સામાન્ય જ્ઞાનપાઠ.	આંક.	બારાક્ષરી.	અક્ષર.	રવિવાર, બુધવાર વિગેરે છૂટીમાં પાછલી બાબતો કરવી.

ખાનગી વખતનું વખતપત્રક.

૧૦થી૧૦॥	૧૦॥થી૧૨	૧૨થી૧	૧થી૨	૫થી૬	૬થી૬॥	રીમાર્ક.
જમવું.	વાંચન.	ગાવું	બારાક્ષરી.	આંક.	જમવું.	રવિવાર, બુધવાર વિગેરે છૂટીમાં પાછલી બાબતોકરવી.

૧૧ ૧ ૧૧	૧૨ ૧ ૧૨	૧૩ ૧ ૧૩	૧૪ ૧ ૧૪	૧૫ ૧ ૧૫
૧૧ ૨ ૨૨	૧૨ ૨ ૨૪	૧૩ ૨ ૨૬	૧૪ ૨ ૨૮	૧૫ ૨ ૩૦
૧૧ ૩ ૩૩	૧૨ ૩ ૩૬	૧૩ ૩ ૩૯	૧૪ ૩ ૪૨	૧૫ ૩ ૪૫
૧૧ ૪ ૪૪	૧૨ ૪ ૪૮	૧૩ ૪ ૫૨	૧૪ ૪ ૫૬	૧૫ ૪ ૬૦
૧૧ ૫ ૫૫	૧૨ ૫ ૬૦	૧૩ ૫ ૬૫	૧૪ ૫ ૭૦	૧૫ ૫ ૭૫
૧૧ ૬ ૬૬	૧૨ ૬ ૭૨	૧૩ ૬ ૭૮	૧૪ ૬ ૮૪	૧૫ ૬ ૯૦
૧૧ ૭ ૭૭	૧૨ ૭ ૮૪	૧૩ ૭ ૯૧	૧૪ ૭ ૯૮	૧૫ ૭ ૧૦૫
૧૧ ૮ ૮૮	૧૨ ૮ ૯૬	૧૩ ૮ ૧૦૪	૧૪ ૮ ૧૧૨	૧૫ ૮ ૧૨૦
૧૧ ૯ ૯૯	૧૨ ૯ ૧૦૮	૧૩ ૯ ૧૧૭	૧૪ ૯ ૧૨૬	૧૫ ૯ ૧૩૫
૧૧ ૧૦ ૧૧૦	૧૨ ૧૦ ૧૨૦	૧૩ ૧૦ ૧૩૦	૧૪ ૧૦ ૧૪૦	૧૫ ૧૦ ૧૫૦
૬૦૫	૬૬૦	૭૧૫	૭૭૦	૮૨૫

૧૬ ૧ ૧૬	૧૭ ૧ ૧૭	૧૮ ૧ ૧૮	૧૯ ૧ ૧૯	૨૦ ૧ ૨૦
૧૬ ૨ ૩૨	૧૭ ૨ ૩૪	૧૮ ૨ ૩૬	૧૯ ૨ ૩૮	૨૦ ૨ ૪૦
૧૬ ૩ ૪૮	૧૭ ૩ ૫૧	૧૮ ૩ ૫૪	૧૯ ૩ ૫૭	૨૦ ૩ ૬૦
૧૬ ૪ ૬૪	૧૭ ૪ ૬૮	૧૮ ૪ ૭૨	૧૯ ૪ ૭૬	૨૦ ૪ ૮૦
૧૬ ૫ ૮૦	૧૭ ૫ ૮૫	૧૮ ૫ ૯૦	૧૯ ૫ ૯૫	૨૦ ૫ ૧૦૦
૧૬ ૬ ૯૬	૧૭ ૬ ૧૦૨	૧૮ ૬ ૧૦૮	૧૯ ૬ ૧૧૪	૨૦ ૬ ૧૨૦
૧૬ ૭ ૧૧૨	૧૭ ૭ ૧૧૯	૧૮ ૭ ૧૨૬	૧૯ ૭ ૧૩૩	૨૦ ૭ ૧૪૦
૧૬ ૮ ૧૨૮	૧૭ ૮ ૧૩૬	૧૮ ૮ ૧૪૪	૧૯ ૮ ૧૫૨	૨૦ ૮ ૧૬૦
૧૬ ૯ ૧૪૪	૧૭ ૯ ૧૫૩	૧૮ ૯ ૧૬૨	૧૯ ૯ ૧૭૧	૨૦ ૯ ૧૮૦
૧૬ ૧૦ ૧૬૦	૧૭ ૧૦ ૧૭૦	૧૮ ૧૦ ૧૮૦	૧૯ ૧૦ ૧૯૦	૨૦ ૧૦ ૨૦૦
૮૮૦	૯૩૫	૯૯૦	૧૦૪૫	૧૧૦૦

૨૧	૧	૨૧	૨૨	૧	૨૨	૨૩	૧	૨૩	૨૪	૧	૨૪	૨૫	૧	૨૫
૨૧	૨	૪૨	૨૨	૨	૪૪	૨૩	૨	૪૬	૨૪	૨	૪૮	૨૫	૨	૫૦
૨૧	૩	૬૩	૨૨	૩	૬૬	૨૩	૩	૬૯	૨૪	૩	૭૨	૨૫	૩	૭૫
૨૧	૪	૮૪	૨૨	૪	૮૮	૨૩	૪	૯૨	૨૪	૪	૯૬	૨૫	૪	૧૦૦
૨૧	૫	૧૦૫	૨૨	૫	૧૧૦	૨૩	૫	૧૧૫	૨૪	૫	૧૨૦	૨૫	૫	૧૨૫
૨૧	૬	૧૨૬	૨૨	૬	૧૩૨	૨૩	૬	૧૩૮	૨૪	૬	૧૪૪	૨૫	૬	૧૫૦
૨૧	૭	૧૪૭	૨૨	૭	૧૫૪	૨૩	૭	૧૬૧	૨૪	૭	૧૬૮	૨૫	૭	૧૭૫
૨૧	૮	૧૬૮	૨૨	૮	૧૭૬	૨૩	૮	૧૮૪	૨૪	૮	૧૯૨	૨૫	૮	૨૦૦
૨૧	૯	૧૮૯	૨૨	૯	૧૯૮	૨૩	૯	૨૦૭	૨૪	૯	૨૧૬	૨૫	૯	૨૨૫
૨૧	૧૦	૨૧૦	૨૨	૧૦	૨૨૦	૨૩	૧૦	૨૩૦	૨૪	૧૦	૨૪૦	૨૫	૧૦	૨૫૦
		૧૧૫૫			૧૨૧૦			૧૨૬૫			૧૩૨૦			૧૩૭૫

૨૬	૧	૨૬	૨૭	૧	૨૭	૨૮	૧	૨૮	૨૯	૧	૨૯	૩૦	૧	૩૦
૨૬	૨	૫૨	૨૭	૨	૫૪	૨૮	૨	૫૬	૨૯	૨	૫૮	૩૦	૨	૬૦
૨૬	૩	૭૮	૨૭	૩	૮૧	૨૮	૩	૮૪	૨૯	૩	૮૭	૩૦	૩	૯૦
૨૬	૪	૧૦૪	૨૭	૪	૧૦૮	૨૮	૪	૧૧૨	૨૯	૪	૧૧૬	૩૦	૪	૧૨૦
૨૬	૫	૧૩૦	૨૭	૫	૧૩૫	૨૮	૫	૧૪૦	૨૯	૫	૧૪૫	૩૦	૫	૧૫૦
૬૬		૨૧૫૬	૨૭	૬	૧૬૨	૨૮	૬	૧૬૮	૨૯	૬	૧૭૪	૩૦	૬	૧૮૦
૨૬	૭	૧૮૨	૨૭	૭	૧૮૯	૨૮	૭	૧૯૬	૨૯	૭	૨૦૩	૩૦	૭	૨૧૦
૨૬	૮	૨૦૮	૨૭	૮	૨૧૬	૨૮	૮	૨૨૪	૨૯	૮	૨૩૨	૩૦	૮	૨૪૦
૨૬	૯	૨૩૪	૨૭	૯	૨૪૩	૨૮	૯	૨૫૨	૨૯	૯	૨૬૧	૩૦	૯	૨૭૦
૨૬	૧૦	૨૬૦	૨૭	૧૦	૨૭૦	૨૮	૧૦	૨૮૦	૨૯	૧૦	૨૯૦	૩૦	૧૦	૩૦૦
		૧૪૩૦			૧૪૮૫			૧૫૪૦			૧૫૯૫			૧૬૫૦

૩૧	૧	૩૧	૩૨	૧	૩૨	૩૩	૧	૩૩	૩૪	૧	૩૪	૩૫	૧	૩૫
૩૧	૨	૬૨	૩૨	૨	૬૪	૩૩	૨	૬૬	૩૪	૨	૬૮	૩૫	૨	૭૦
૩૧	૩	૯૩	૩૨	૩	૯૬	૩૩	૩	૯૯	૩૪	૩	૧૦૨	૩૫	૩	૧૦૫
૩૧	૪	૧૨૪	૩૨	૪	૧૨૮	૩૩	૪	૧૩૨	૩૪	૪	૧૩૬	૩૫	૪	૧૪૦
૩૧	૫	૧૫૫	૩૨	૫	૧૬૦	૩૩	૫	૧૬૫	૩૪	૫	૧૭૦	૩૫	૫	૧૭૫
૩૧	૬	૧૮૬	૩૨	૬	૧૯૨	૩૩	૬	૧૯૮	૩૪	૬	૨૦૪	૩૫	૬	૨૧૦
૩૧	૭	૨૧૭	૩૨	૭	૨૨૪	૩૩	૭	૨૩૧	૩૪	૭	૨૩૮	૩૫	૭	૨૪૫
૩૧	૮	૨૪૮	૩૨	૮	૨૫૬	૩૩	૮	૨૬૪	૩૪	૮	૨૭૨	૩૫	૮	૨૮૦
૩૧	૯	૨૭૯	૩૨	૯	૨૮૮	૩૩	૯	૨૯૭	૩૪	૯	૩૦૬	૩૫	૯	૩૧૫
૩૧	૧૦	૩૧૦	૩૨	૧૦	૩૨૦	૩૩	૧૦	૩૩૦	૩૪	૧૦	૩૪૦	૩૫	૧૦	૩૫૦
		૧૭૦૫			૧૭૬૦			૧૮૧૫			૧૮૭૦			૧૯૨૫
૩૬	૧	૩૬	૩૭	૧	૩૭	૩૮	૧	૩૮	૩૯	૧	૩૯	૪૦	૧	૪૦
૩૬	૨	૭૨	૩૭	૨	૭૪	૩૮	૨	૭૬	૩૯	૨	૭૮	૪૦	૨	૮૦
૩૬	૩	૧૦૮	૩૭	૩	૧૧૧	૩૮	૩	૧૧૪	૩૯	૩	૧૧૭	૪૦	૩	૧૨૦
૩૬	૪	૧૪૪	૩૭	૪	૧૪૮	૩૮	૪	૧૫૨	૩૯	૪	૧૫૬	૪૦	૪	૧૬૦
૩૬	૫	૧૮૦	૩૭	૫	૧૮૫	૩૮	૫	૧૯૦	૩૯	૫	૧૯૫	૪૦	૫	૨૦૦
૩૬	૬	૨૧૬	૩૭	૬	૨૨૨	૩૮	૬	૨૨૮	૩૯	૬	૨૩૪	૪૦	૬	૨૪૦
૩૬	૭	૨૫૨	૩૭	૭	૨૫૯	૩૮	૭	૨૬૬	૩૯	૭	૨૭૩	૪૦	૭	૨૮૦
૩૬	૮	૨૮૮	૩૭	૮	૨૯૬	૩૮	૮	૩૦૪	૩૯	૮	૩૧૨	૪૦	૮	૩૨૦
૩૬	૯	૩૨૪	૩૭	૯	૩૩૩	૩૮	૯	૩૪૨	૩૯	૯	૩૫૧	૪૦	૯	૩૬૦
૩૬	૧૦	૩૬૦	૩૭	૧૦	૩૭૦	૩૮	૧૦	૩૮૦	૩૯	૧૦	૩૯૦	૪૦	૧૦	૪૦૦
		૧૯૮૦			૨૦૩૫			૨૦૯૦			૨૧૪૫			૨૨૦૦

૧૧। ૧।	૧૧૧।૧૩॥।	૨૧૧।૨૬।	૩૧૧।૩૮॥।	૪૧૧।૫૧।
૨૧। ૨॥	૧૨૧।૧૫	૨૨૧।૨૭॥	૩૨૧।૪૦	૪૨૧।૫૨॥
૩૧। ૩॥।	૧૩૧।૧૬।	૨૩૧।૨૮॥।	૩૩૧।૪૧।	૪૩૧।૫૩॥।
૪૧। ૫	૧૪૧।૧૭॥	૨૪૧।૩૦	૩૪૧।૪૨॥	૪૪૧।૫૫
૫૧। ૬।	૧૫૧।૧૮॥।	૨૫૧।૩૧।	૩૫૧।૪૩॥।	૪૫૧।૫૬।
૬૧। ૭॥	૧૬૧।૨૦	૨૬૧।૩૨॥	૩૬૧।૪૫	૪૬૧।૫૭॥
૭૧। ૮॥।	૧૭૧।૨૧।	૨૭૧।૩૩॥।	૩૭૧।૪૬।	૪૭૧।૫૮॥।
૮૧।૧૦	૧૮૧।૨૨॥	૨૮૧।૩૫	૩૮૧।૪૭॥	૪૮૧।૬૦
૯૧।૧૧।	૧૯૧।૨૩॥।	૨૯૧।૩૬।	૩૯૧।૪૮॥।	૪૯૧।૬૧।
૧૦૧।૧૨॥	૨૦૧।૨૫	૩૦૧।૩૭॥	૪૦૧।૫૦	૫૦૧।૬૨॥
૬૮॥।	૧૯૩॥।	૩૧૮॥।	૪૪૩॥।	૫૬૮॥।

૫૧૧।૬૩॥।	૬૧૧।૭૬।	૭૧૧।૮૮॥।	૮૧૧।૧૦૧।	૯૧૧।૧૧૩॥।
૫૨૧।૬૫	૬૨૧।૭૭॥	૭૨૧।૯૦	૮૨૧।૧૦૨॥	૯૨૧।૧૧૫
૫૩૧।૬૬।	૬૩૧।૭૮॥।	૭૩૧।૯૧।	૮૩૧।૧૦૩॥।	૯૩૧।૧૧૬।
૫૪૧।૬૭॥	૬૪૧।૮૦	૭૪૧।૯૨॥	૮૪૧।૧૦૫	૯૪૧।૧૧૭॥
૫૫૧।૬૮॥।	૬૫૧।૮૧।	૭૫૧।૯૩॥।	૮૫૧।૧૦૬।	૯૫૧।૧૧૮॥।
૫૬૧।૭૦	૬૬૧।૮૨॥	૭૬૧।૯૫	૮૬૧।૧૦૭॥	૯૬૧।૧૨૦
૫૭૧।૭૧।	૬૭૧।૮૩॥।	૭૭૧।૯૬।	૮૭૧।૧૦૮॥।	૯૭૧।૧૨૧।
૫૮૧।૭૨॥	૬૮૧।૮૫	૭૮૧।૯૭॥	૮૮૧।૧૧૦	૯૮૧।૧૨૨॥
૫૯૧।૭૩॥।	૬૯૧।૮૬।	૭૯૧।૯૮॥।	૮૯૧।૧૧૧।	૯૯૧।૧૨૩॥।
૬૦૧।૭૫	૭૦૧।૮૭॥	૮૦૧।૧૦૦	૯૦૧।૧૧૨॥	૧૦૦૧।૧૨૫
૬૯૩॥।	૮૧૮॥।	૯૪૩॥।	૧૦૬૮॥।	૧૧૯૩॥।

૧૦૦૧।	૧૨૫	એક........ ૧
૨૦૦૧।	૨૫૦	દશ ૧૦
૩૦૦૧।	૩૭૫	સો ૧૦૦
૪૦૦૧।	૫૦૦	હજાર... ૧૦૦૦
૫૦૦૧।	૬૨૫	દશહજાર૧૦૦૦૦
૬૦૦૧।	૭૫૦	
૭૦૦૧।	૮૭૫	
૮૦૦૧।	૧૦૦૦	
૯૦૦૧।	૧૧૨૫	
૧૦૦૦૧।	૧૨૫૦	
	૬૮૭૫	

આંક ભણવા સંબંધી દોહરા.

૧ આંક ભણે આરંભમાં, પછીથી પુસ્તક અન્ય;
તો વેળા તેની વળે, થાય જીવિત ધન્ય ધન્ય.

૨ બાળકનાં માબાપ સૌ, ધરજ્યો શિક્ષા ધ્યાન,
સૂધારો નીજ સંતતી, દઈ વિદ્યાનું દાન.

ગુજરાતી મૂળાક્ષરો:—(સ્વરો.)

અ આ ઇ ઈ ઉ ઊ એ ઐ ઓ ઔ અં અઃ

વ્યંજનો.

ક ખ ગ ઘ ચ છ જ ઝ ટ ઠ ડ ઢ ણ ત થ દ ધ
ન પ ફ બ ભ મ ય ર લ વ શ ષ સ હ ળ ક્ષ જ્ઞ.

સ્વર ને વ્યંજન મળવાથી થએલી બારાક્ષરી. ક કા કિ કી
કુ કૂ કે કૈ કો કૌ કં કઃ

બાળબોધી મુળાક્ષરો:—(સ્વરો.)

अ आ इ ई उ ऊ *(ऋ ॠ ऌ ॡ) ए ऐ ओ
औ अं अः

(વ્યંજનો.)

क ख ग घ च छ ज झ ट ठ ड ढ ण त थ द
ध न प फ ब भ म य र ल व श ष स ह ळ क्ष ज्ञ.

(अंक) १ २ ३ ४ ५ ६ ७ ८ ९ ०

સ્વર ને વ્યંજન મળવાથી થએલી બારાક્ષરી—क का
कि की कु कू के कै को कौ कं कः

---

*આ ચાર સ્વરો ગુજરાતી ભાષામાં વપરાતા નથી, પણ સંસ્કત ભાષામાં વિશેષ વપરાય છે.

ગૂજરાતી પહેલી ચોપડીના અર્થ.

પાઠ ૧ લો.

મા–માતા, જીજી, જનેતા, માડી, ડોશી.

બા–બેહેન.

છે–ચાલતો વખત જણાવે, હયાતી.

પાઠ ૨ જો.

ભૂ-જળ, પાણી, નીર. ધરતી, ભુમી.

પા–પીવરાવ,ચોથો ભાગ

પાઠ ૩ જો.

પી-પેટમાં ઉતાર.

જા–જવું, પહોંચ.

પાઠ ૪ થો.

ભા–માનો બાપ, બાપનો બાપ.

તું–બીજો પુરૂષ.

પાઠ ૫ મો.

આ–પાસેની ચીજ બતાવવી તે.

જો–તપાસ, નજર કર, આંખ ઉઘાડ.

પાઠ ૬ ઠો.

ઘો–તાવેલું માખણ,રોટલી ચોપડે તે.

ખા–મોમાં મૂક,ખાઈજા જમ.

પાઠ ૭ મો.

એ–આ.

બી–બીયું, બીજ, મીંજ ઠળીઆ.

શું–કયું.

પાઠ ૮ મો.

લે-પકડ,ઝાલ,પાસેરાખ.

તે ત્રીજો પુરૂષ, આઘાને બતાવેછે,ઓળખુંપેલું

પાઠ ૯ મો.

જી મા, જીજી.

ના–નહીં.

પાઠ ૧૦ મો.

હા–વારૂ, કબુલ થવું.

રૂ–કપાસમાંથી જે ધોળું નીકળેતે, ગાદલાને ગોદડામાં ભરેછે તે.

પાઠ ૧૧ મો.

તાતા–રોટલી (ઘઉંના લોટની થાયછે.)

છી–ખરાબ મેલું, ગંદુ

પાઠ ૧૨ મો.

કે–અથવા, કહે.

લાડુ–મીઠાઈ,લાડુ.

જે-ગમે, તે, કાંઈ.

હું–પહેલો પુરૂષ, બોલનાર પોતે.

લઉં–લેવું.

લેજે–લેવાની રજા આપવી તે.

પાઠ ૧૪ મો.

વાવા–સારૂં મજાનું.

મારૂં–પોતાનું.

તેલ–દીવો કરેછે તે, તલને પીલીને જે કાઢેછે તે.

આપ–સામાને આપવું અને તેની પાસેથી લેવું.

પાઠ ૧૫ મો.

છું–હાજરછું,ગયો નથી.

મને-પોતાને, હુંને.
લાવ-લઇઆવ.
ખાજે-ખાઈ જજે, જમજે.
ખાઉં-ખાવાની રજા લેવી, ખાવું.
પીઉં-પીજાઉં, જે વસ્તુ ચાવ્યાવિના ગળે ઉતરે તેને પેટમાં ઉતારવી તે.
બાપ-બાપા, પીતા.

પાઠ ૧૬ મો.

જાય-જવાની હા કેવી.
આવું-પાસે આવવું તેની રજા લેવી.
આવ-પાસે આવવાની હા ક્હેવી.
કેમ-શું-સમાચારપૂછવા

પાઠ ૧૭ મો.

ત્યાં-તે ઠેકાણે.
તલ-દાણાછે, તેમાંથી તેલ નીકળે.
જાઉં-જવાની રજા માગે છે.
તે-ત્રીજો પુરૂષ, ત્રીજી, ત્રીજ.
મામા-આપણી માનો ભાઈ.

પાઠ ૧૮ મો.

દે-આપ.
આજ-આજનો દિવસ
ભાત-રાંધેલા ચોખા.
ખાવા-જમવા.
જોવા-તપાસવા.
લેવા-લેવાની રજા.

પાઠ ૧૯ મો.

નહિ-ના.
દુધ-માતાના સ્તનમાંથી નીકળે તે, ગાય, ભેસ, આપેછે.
મામા-માનો ભાઈ.
પછી-જરા, રહીને.

પાઠ ૨૦ મો.

મારા-પોતાના.
હશે-હોશે.
જોવું-ભાળવું.

પાઠ ૨૧ મો.

તારે-પોતાને.
ઘર-મુકામ.
તારૂં-સામાનું.

પાઠ ૨૨ મો.

ઘેર-ઘરમાં.
ગોળ-ગળ્યો રાતો ગાંગડો.
હતું-નકી બતાવનારૂં.
ભાવશે-પસંદ પડશે.
મારે-પોતાને.
હતાં-નકી બતાવનારા.
માજી-વૃદ્ધ ડોશીમાં

પાઠ ૨૩ મો.

શાક-ભાજી, પાલો.
તારી-સામા માણસની
દાળ-મગ, અડદ, વિગેરેના બે ભાગ કરેલા તે.
આવશે-પધારશે.
ઉંઘે-સૂવું.
દેશે-આપશે.

પાઠ ૨૪ મો.

હાથ-જે ખાવાનું મોઢામાં નાખેછે તે.
તારા-સામાના.
પગ-જેથી ચલાય તે.
જોઉં-દેખવું.
લેવું-હાથમાં લેવું.

પાઠ ૨૫ મો.

નથી-છેનહીં.
કાકા-બાપના નાનાભાઈ.
ક્યાં-કયે ઠેકાણે.
નાક-શ્વાસ લેવાનું.

તમારા સામા માણસના
પાઠ ૨૬ મો.
કાંઈ-લગાર, થોડું.
આપું-દઉં.
બેન-બા.
વાત-કથા, કાણી.
કહું-બોલું.
ખાવું જમવું.
પાઠ ૨૭ મો.
કોણ-કયો.
થાય-લાગે, બને.
માસી-માની બહેન.
એક-સંખ્યાનો પહેલો આંકડો.
બે-એક ને એક ૨.
ભાઈ-બંધવ.
પાઠ ૨૮ મો.
જાણે-ખબર પડે.
મસ-વધારે, ઝાઝું.
આપીશ-દઈશ.

લાવી-આણી.
કરશે-બનાવશે.
ખાશે-જમશે.
સરત-ખબર.
બાજરી-અનાજ દાણા રોટલા થાય તે.
ઘઉં-ગોધમ, રોટલી થાય તે.
પાઠ ૨૯ મો.
પૂછો-સવાલ કરો.
કહો-કો.
માગે-માગણી કરે.
તો-નક્કી, નવાઈ.
કામ-કાજ.
કહું-બોલું.
પૂછું-સવાલ કરૂં.
જોઈશે-ખપ પડશે.
પૂરી-ઘઉંની નાની તળેલી રોટલી.
પાઠ ૩૦ મો.

જુઓ-ભાળો.
હતી હાજર.
માગી પૂછી.
આપો-સોંપો, દો.
કેરી-આંબાનું ફળ.
તેણે-પેલાએ.
કોણે-કયા સખ્સે.
બેન-બા, ભગની.
પાઠ ૩૧ મો.
તમે-બીજો માણસ.
ભૂખ-ખાવાનું મન થવું.
પણ-પરંતુ.
લાગી-થઈ, વળગી.
થઈ-બની.
બહાર-મારગમાં.
જાઓ-ચાલો.
પાઠ ૩૨ મો.
પાસે-થડમાં.
ભાભી-ભાઈની વહુ.
તેની-બીજાની.

બીજો-પરદાયો.
ક્યારે-કઈ વખત.
ત્યારે-તે વખત.
ગઈ-ચાલતી થઈ.
કાકો-બાપનો નાનો ભાઈ.
ઉભું-ખડું.
પાઠ ૩૩ મો.
ગુંદર-ઝાડનો ચીકણો રસ.
આંખો-આંખ, જોવાનું
સોનું-પીળી ઉંચી ધાતુ
આવે-પાસે આવવું.
જુની-અસલી.
બીજું-અત્રાપી.
કાલે-આવતે દહાડે.
લેતી-લાવતી.
પાઠ ૩૪ મો.
ચાર-ત્રણને એક ૪
કેટલાં-અનુમાન સંખ્યા

માથું-જેમાં આંખ, મો-
ઢું છે તેનો ઉપલો ભાગ.
છત્રી-ટોપ.
હોય-હોવાનું. હશે.
પશુ-ઢોર, ચાર પગ-
વાળાં.

પાઠ ૩૫ મો.

પૈસો-ત્રાંબાનું ત્રણ પા-
ઈ સાથે.
આવો-પધારો.
જોડે-સાથે.
તેડી-ઉંચકી લઈ.
આપણા-પોતાના.
નાની-ટુંકી.
બીજું-જૂદું.
જઈશ-દૂર થઈશ.
ખીર-બાફેલા ચોખા,
દુધમાં ઉકાળેલા,

પાઠ ૩૬ મો.

સારો-રૂપાળો.
માટે-વાસ્તે.
મેળે-જાતે.
લીધો-લાવ્યો.
કાગળ-કોરો પત્ર લખે-
લો પત્ર.
કેવો-કેવી જાતનો.
લખાવશે-લખી બતા-
વશે.
લખીશ-લખવાની.
વારે-વખતે.
આવડે-જાણે, સમજે,

પાઠ ૩૭ મો.

બૂમો-રાડો, ધાંટો.
થયું-બન્યું.
પાડો-કાઢો.
પાડશો હેઠ નાંખશો.

પાઠ ૩૮ મો.

બેસું-સ્વાર થવું.
ઘોડો હય, અસ્વ.
ઘોડે-તુરંગે.
છોકરાં-બાળક.
આપણે-પોતે.
જાડો-મજબૂત.
આવડે-જાણે.
ચાકર-નોકર.
ભીમો-તે માણસનું નામ.

પાઠ ૩૯ મો.

આણું-લાવું.
બહુ-વધારે.
પાણી-જળ.
ખપ-જરૂર.
ઉભી-ટટાર.
છોડ-દીકરી, છોકરી.
કને-થડમાં.
પીળું-હળદરજેવા રંગનું
કાચા રાંધ્યા વગરના.
તરશ—પાણી પીવાનું
મન.
જાગી-થઈ.

પાઠ ૪૦ મો.

ભલી-સારી, ડાહી.
પેટ-ઉદર.
રાંધે-બાફે.
ખાધા-જમ્યા.
ખવાડતાં-જમાડતાં,
ખવાય-ખાય.
દહાડો-દિવસ.

પાઠ ૪૧ મો.

બાપડા-બીચારા.
ધીમે-હળવે.
અમે-પોતે.
ઝટ-જલદી.
ઉતાવળ-એકદમ.
દાંત-મોઢામાં અનાજ
ચાવેછે તે.
મધ-ચીકણો ગળ્યો પ-
દારથ.
આપણી-પોતાની.
શેરી-ફળીઉં.
વહુ-ઓરત.

એમને-તેમને.
ડોશી-ઘરડી બાઇડી.
હિંડાતું-ચલાતું.
બાપડી-બિચારી.
ભલાં-સારાં.
તેમને-તેઓને.
ચાલે-હીંડે.

પાઠ ૪૨ મો.

ચોળ-મસળ.
વેળા-વખત.
ગંદી-મેલી.
ગાંડી-ઘેલી.
લૂગડાં-કપડાં.
અરે-ઓ.
મેલાં-ગંદાં.
ઉડે-ફડફડે.
જૂ-માથામાં તથા લૂગડામાં ઝીણા જીવ પડે તે.
ઓળ-વાળ સરખા કર.
પહેર-ઓઢ.
ડીલે-શરીરે.

પાઠ ૪૩ મો.

ઓળખી-જાણી.
ખેતર-દાણા પાકેછે તે જમીન.
સાંભળો-સૂણો.
કાચું-કોરૂં.
ઘંટી-દાણા દળવાનું.
મજૂરી-મેહેનત.
રાખજે-સાચવજે.
અનાજ-દાણા.
વાળા-વેચનાર.
પૈસા-જંઈ, કાવડીઆં.
વેચવું-કોઈ ચીજ સાટે કીંમત લેવી તે.

પાઠ ૪૪ મો.

બોલો-કહો.
પાંચ-ચારને એક. ૫
મગ-અડદ, કઠોળ.
વાલ મોટાદાણા કઠોળ.

પાઠ ૪૫ મો.

બાકી-અધુરી.
દળી-લોટ કરી.
રોજ-હમેશ.
આવડે-જાણે.
લોટ-દળેલા દાણા.

પાઠ ૪૬ મો.

રમું-ખેલું.
ઉઠે-ઉભી થાય.
પાટું-લાત.
સૂતી-ઉંઘી ગઈ.
ગાય-ધેનું.
પેલી-ઓલી.
ધોળી-સફેદ.
રાતી-લાલ.
અજાણી-જાણીતી નહીં તે.
અહીં-આ ઠેકાણે.

પાઠ ૪૭ મો.

ચારો-ખડ, ઘાસ.
ગોધો-બળદ, આખલો.
બધું-તમામ.
થોડું-લગાર.
વિના-વગર.
નાંખ-ફેંક.
ભરાય-પૂરૂં થાય તે.

પાઠ ૪૮ મો.

જોયો-દેખ્યો.
દયા-રેહેમ.
છાશ-દહીંમાં પાણી નાખી માંખણ કાઢી લેને બાકી રહે તે.
ભેંસ-ડોબું.
રંગ-રૂપ.
કાળો-સામળો.
સમજણ-અક્કલ.
દહીં-દુધમાં છાશ મેળવી જમાવવું તે.

પાઠ ૪૯ મો.

મઠ-કઢોળ.
મીઠું-લુણ.
કઢી-છાશ મશાલો નાખી ઉકાળવી તે.
હાથે-પોતાની મેળે.
ખીચડી-દાળને ચોખા ભેગા કરી રાંધિછે તે.
પારખી-ઓળખી.
દેખાડું-બતાવું.

પાઠ ૫૦ મો

ઝાડ-વનસ્પતિ.
ખુણો-ખાંચો.
ઠીક-સારૂં.
ઘેલો-ગાંડો
ચઢી-ઉપર ગઈ.
આંબો-કેરીનું ઝાડ.
આંબલી— આંબલીનું ઝાડ.
પીંપળો-પીંપળાનું ઝાડ.
લીંબડો-લીંબડાનું ઝાડ.
વડ-એક જાતનું ઝાડ.
ચોરી-ધણીથી છાની જણસ લઈ જવી તે.
કેરીઓ-આંબાનું ફળ
તોડીશ ચુંટીશ.

પાઠ ૫૧ મો.

ફોઈ-બાપની બેન.
ફળીઆ-શેરી.
નાઠો-ભાગ્યો, દોડ્યો.
નીકળે-નીસરે.
કીધું-કહ્યું, કર્યું,
એઠી-ચોટી.
બલી-બેનપણી.
ખબર-જાણ, માલમ.
લાકડી-ગેડી, સોટી.

પાઠ ૫૨ મો.

સો-બધા.
વાળું-રાતનું જમવું.
બચી-ઉગરી.
મોઢે-મુખે.
ગાળ્યો-ખરાબ શબ્દ.
વાંક-ગુન્હો.
માંદા-આજારી.
કડવાં-વીખજેવાં.

પાઠ ૫૩ મો.

તોફાન-મસ્તી.
આખો-બધો.
દોડે-ભાગે.
ઉભો-સીધો.
લુલો-લંગડો.
વાગે-લાગે.
રીતે-રૂઢીએ.
ચૂલો-ભઠ્ઠી.
જીવ-પ્રાણ, આત્મા.
પોતાની-પારકી નહીં તે.
જરા-લગાર, થોડું.

પાઠ ૫૪ મો.

ઢોલ-નગારૂં.
ઢગલા-ગંજ.
ખાંધે-ખંભે.
નિશાળ-ભણવાનીજગો.
જણ-માણસ.
વધારે-ઘણું.
પૂરા-બરાબર.
વગાડે-બજાવે.
પીપી-સરણાઈ.
ખેસ-પાસે રાખવાની ધોતી.
મહેતાજી-માસ્તર વિદ્યા ગુરૂ.
મજા-રમત, ગમત.
બેસવા શરૂ કરવા.
પટેલ-કણબી.
વરસ-બાર માસ.
મારતાં-પીટતાં
શેઠ-માલેક, ઉપરી, ધણી

પાઠ ૫૫ મો.

ખેંચે-તાણે.
દીઠાં-જોયાં.
નાગાં-નવસ્ત્રાં.

ધૂળ-રજ.
કોદવ-કચરો.
કણીઓ-વઢવાડ.
ફરે-આથડે, હીંડે.
ભણે-શીખે.
હળ-સાંતીડું.
બળદ-ઢાંઢો.
કહેલું-કીધેલું.
ધણી-માલીક.
એડ-એડતાં.
ઢોર-પશુ ચોપગાં

પાઠ ૫૬ મો.

કૂતરો-શ્વાન.
બિલાડો-મિનડો.
કબૂતર-કબૂતર.
કાગડો-હાડાઓ.
પોપટ-સૂડો.
પાંખો-પક્ષીના હાથ.
માળો-પક્ષીનું ઘર.
ઉંદર-ચુવા.
ઘલોડી-જનાવર.
દીધાં-આપ્યાં.
ગધેડો-ખર.

પાઠ ૫૭ મો.

એક-સંખ્યાંનો પહેલો અક્ષર ૧
બે એક ને એક ૨
ત્રણ-બેને એક ૩.
લેખણ-કલમ.
ઉમેરીએ-વધારીએ.
મૂકું-મેલું.
જોડે-સાથે.
ઉલટા-અવળા.

પાઠ ૫૮ મો.

ચાર-બેને બે ૪.
પાંચ-ત્રણને બે ૫.
આંગળાં-હાથની આંગળીઓ.
છ-ચારને બે ૬.
પાઈ-પૈસાનો ત્રીજો ભાગ.

પાઠ ૫૯ મો.

સાત-ચારને ત્રણ ૭.
આઠ-પાંચને ત્રણ ૮.
નવ-છને ત્રણ ૯.
દશ-પાંચને પાંચ ૧૦
મીંડું-શુન્ય ૦

કવાયત—૧ બધા છોકરા સાથે ઉભા કરવા. ૨ સાથે બેસાડવા. ૩ અનુક્રમ હાથ ઉંચાનીચા કરાવવા, ૪ નિશાળમાં સાથે એક તરફથી બીજી તરફ ચલાવવા, તેમાં ડાબો ને જમણો પગ બધા છોકરાનો સાથે ઉપાડવો. ૫ એકદમ સાથે ઉભું રહેવું. ૬ ચાલતાં ધડબડાટ થવો ન જોઇએ. ૭ સાથે અવળા, તથા ૮ સવળા ફરવું. ૯ અનુક્રમ નંબરે બેસવું. ૧૦ અદબ વળાવવી.

વિષય ૧ લો-આંક શિખતાં લખોટાયંત્રનો ઉપયોગ નીચે પ્રમાણે કરવો.

શિક્ષક તથા નિશાળીઆની વચમાં લખોટાયંત્ર રાખવું; પછી ચાર તરી બાર થાય તો તે બતવવા ચારચારના ત્રણ થોકડા લેનમાં ગોઠવી ગણવવા એટલે બાર થાય. ત્રણ ત્રણના બે થોકડા એકઠા કરવાથી ત્રણ દુ છ થાય. પાંચ પાંચના છ થોકડા રાખી ગણવાથી છપચાંને ત્રીશ થાય. છછના ચાર થોકડા રાખી ગણતાં છચોક ચોવીશ થાય. એમ દશના પાડા સુધી શિખ્યા બાદ અગ્યાર અગ્યારના ૪ થોકડા રાખી ગણવાથી અગ્યાર ચોકું ચુમાળીશ થાય. બાર બારના સાત થોકડા રાખી ગણવાથી બાર સાત ચોરાશી થાય. સોળ સોળના નવ થોકડા રાખી ગણવાથી સોળનવાં ચુમાળસો થાય. વીશ વીશના પાંચ થોકડા રાખી ગણવાથી વીશપાંચ સો થાય. ચોવીશ ચોવીશના ત્રણ થોકડા રાખી ગણવાથી ચોવીશતરી ૭૨ બોંતેર થાય. ત્રીશ ત્રીશના ચાર થોકડા રાખી ગણવાથી ત્રીશચોક ૧૨૦ એકસોવીશ થાય. પાંત્રીશ પાંત્રીશના બે થોકડા રાખી ગણવાથી પાંત્રીશ દુ શીતેર થાય. ચાળીશ ચાળીશના ત્રણ થોકડા રાખી ગણવાથી ચાળીશ તરી ૧૨૦ એકસોવીસ થાય. આ પ્રમાણે છોકરાઓને અનુભવ સિદ્ધ જ્ઞાન મળવાથી થોડી વારમાં ઘણું ને પકું જ્ઞાન આંકનું થવા સાથે સદાકાળ યાદ રહેશે. આવા લખોટાયંત્રમાં એકસો ૧૪૪ પારા હોવછે. તે બાર સળીઆમાં બાર બાર પારાથી પરોવી રાખેલાછે તે દરેક સળીઆમાં પ્રથમ કાળા,

પછી પીળા, લીલા અને રાતા, આ પ્રમાણે અનુક્રમ હારો ગોઠવેલીછે.

બારાખડી પૂરી-જાણવી. સ્લેટ ઉપર સફેદાને પાણીથી શીખેલા પાઠો મોટા અક્ષરથી લખવા.

ઉખાણા—રમુજી.

"૧ ભમે ભમે પણ ભમરો નહિ, ને ડોકે જનોઈ પણ બ્રાહ્મણ નહિ. ઉ. રેંટીઓ."

"૨ ઢમઢોલ માંહે પોલ, ઉપર છત્ર છાંયા, મારૂં ઉખાણું કહે તેને આપું સોનાના પાયા. ઉ. ટાંકું."

સામળભટની સમસ્યા. દોહરા.

"૧ એક નરે નરને ગળ્યો, તેથી શોભે તન; એકતો ઉત્ત-મજન ઘણો, સમજો તમે સજ્જન. ઉ. જામો."

"૨ ઉત્તમ કુળથી ઉપજી, તાતતણો જે તાત; તે સાથે વીવા કર્યા, સમજો સજ્જન વાત. ઉ. છાશ."

"૩ ભરે ફાળ પણ મૃગ નહીં, નહીં સસલો નહીં શ્વા-ન; મો ઉંચું પણ મોર નહીં, સમજો ચતુરસુજાણ. ઉ. દેડકો.

"૪ પીળો પણ પોપટ નહીં, કાળો પણ નહીં નાગ; પાંખો પણ પંખી નહીં, ઉડે પણ નહીં કાગ. ઉ. ભમરો."

"૫ નારી પણ નિર્બળ નહીં, કાળી પણ નહીં કોલ; વસે દરે સાપણ નહીં, ઉત્તર એનો બોલ. ઉ. તરવાર."

"૬ પઢતો પણ પંડિત નહીં, પૂર્યો પણ નહીં ચોર, ચતુર હોયતો ચેતજો, મધુરો પણ નહીં મોર. ઉ. પોપટ."

"૧ એક કોટડીમાં બત્રીશ બાવા તે શું? ઉ. દાંત."

"૨ એક દેરા ઉપર સાત દરવાજા તે શું? ઉ. ડોકું."

"૩ સમજે નહીને ઘર સાચવે તે શું? ઉ તાળું."

૧ ચોપડી વિષે કવિતા ચોપાઈ.

"સારી ચોપડીઓ શોભાય, હેતે તે દેખી હરખાય;
પણ વીગતેથી જો વંચાય, તો તેમાંથી કારજ થાય. ૧
જીવ ઘાલીને વાંચે જેમ, તેમાં સમજણ આવે તેમ;
વાંચે પણ નહીં કરે વિચાર,તે સમજે નહીં સઘળો સાર."૨

૨ નિશાળીઆને શીખામણ. દોહરા.

"નિત્યે જવું નિશાળમાં, ભણવું ચોડી ચિત્ત;
ગુરૂની શિક્ષા માનવી, રૂડી રાખી રીત. ૧
રાખો નહિ મન રમતમાં, સમજો સારી પેર;
નિશાળમાંથી નીસરી, જવું પાંસરૂં ઘેર." ૨

૩ ઉંદર વિષે. ચોપાઈ.

"વધ્યા ઉંદર હારો હાર, પકડ્યા પણ નહીં આવ્યો પાર;
રાતે તો માંડે રંજાડ, ધડબડ જાણે આવી ધાડ. ૧
ખાસાં કપડાં કરડી ખાય, દીવાની દીવટ લઈ જાય;
એનો એકે નહીં ઉપાય,મની મળે તો મહાસુખ થાય." ૨

૪ નબળા હોય પણ ઝાઝા હોય તેની સાથે વેર ન કરવા વિષે. દોહરો.

ઝાઝા નબળા લોકથી, કદી ન કરીએ વેર;
કીડી કાળા નાગનો, પ્રાણજ લે આ પેર. ૧

૫ ઇશ્વરનો મહિમા. ચોપાઈ.

"જુઓ ભાઇ આ મોટાં ઝાડ, તેમાં સૌથી ઉંચો તાડ;
આંબલી આંબો કોઠી કોય, જો તેનાં ફળ જૂદાં હોય. ૧
જે આ જગનો છે કરનાર, સુરજ તારા સરજનાર;

એજ અમારો મોટો દેવ, તેને ભજવા ધરીએ ટેવ." ૨

૬ સંગત વિષે. છપ્પો.

"જેને જેવો સંગ રંગ, બહુ તેવો બેસે;
જેને જેવો સંગ પ્રેમ, પણ તેવો પેસે;
જેને જેવો સંગ કામ, તેવાં તે કરશે;
જેને જેવો સંગ ઠામ, તેવે જઈ ઠરશે;
રૂડે સંગે રૂડો થશે, ભૂરે સંગે ભૂરો બને;
સારા મહેતાના સંગથી, ભાગ્યશાળી વિદ્યા ભણે." ૧

૭ સદાચરણ વિષે. દોહરા.

"જે જન જાણે જગતમાં, જન્મ ધરીને પહેલ;
સદાચરણમાં ચાલવું, તે પામે સુખ સહેલ. ૧
જાણી વાતો જે કરે, બોલે મીઠી વાણ;
બીજાને કોપે નહીં, તે છે ડાહ્યો જાણ." ૨

૮ સંપરો કરવા વિષે. દોહરા.

"કીડી કણ સંગ્રહ કરે, જુઓ જનાવર જાત;
વસે વળી સંપે સદા, સર્વ મળી સંઘાત." ૧

૯ પોપટ વિષે. દોહરા.

"પોપટ બેઠો પાંજરે, બોલે મીઠા બોલ;
સૂણતાં મનમાં સર્વને, ઉપજે હરખ અતોલ. ૧
કોટે કાળો કાંઠલો, નમણું રાતું નાક;
અંગે લીલા રંગનો, ધારે ધણીની ધાક. ૨
મીઠું બોલે મનુષ્યને, ઉપજે હેત અથાગ;
પોપટ પાળે પ્રીતથી, કોય ન પાળે કાગ." ૩

૧૦ ચોખ્ખાઈ વિષે. દોહરા.

"ચોખ્ખી ચીજો રાખવી, ચોખ્ખાં પહેરો ચીર;
ચોખ્ખાં ઘરને ચોક પણ, ચોખ્ખે સુખી શરીર. ૧
મધપૂડો રૂડો રચે, માંખી રાખી માપ;
ડાઘાકુઘી ન દેખીએ, ખરેખરી શુધ ખાપ. ૨
ચોખ્ખે ચિત રાજી રહે, વળે શરીરનું વાન;
ચોખ્ખે સજ્જન ચારમાં, મળે મનુષ્યને માન." ૩

૧૧ મહેનત વિષે. દોહરા.

"પીવા ખાવા પહેરવા, અને ઓઢવા અંગ;
મળે મહેનતમાં થકી, રાતા પીળા રંગ. ૧
ધરતીમાંથી ધાન્ય તો, થોકે થોકે થાય;
ખાંતે જો ખેડે નહીં, ખાવાનું શું ખાય? ૨
આપણને સૌ ઈશ્વરે, આપ્યા છે ઉપાય;
પણ બળતણ વાસણ વિના, શી રીતે રંધાય? ૩
તેતો તું તૈયાર કર, કાંકરી આપે કોય?
તારે તારા અર્થનું, હાલ વખત તે હોય. ૪
નથી લટકતાં લૂગડાં, તે ઝાડે તૈયાર;
વાવી કાંતે જો વણે, થાય સરસ શણગાર. ૫
માટે મહેનત જો કરે, ઘેર રહી પર ઘેર;
ચાકરી કરતાં ભાખરી, પામે રૂડી પેર." ૬

૧૨ ધાન્ય વિષે. દોહરા.

"બાજરીઆમાં બાજરી, જાર કણસ લે જોય;
ઉંબીમાં તો ઉપજે, ઘઉં ડાંગર જવ હોય. ૧
તલના તે તો તલસરા, શીંગે સર્વ કઠોળ;

થાય ચણાના પોપટા, શેરડી શાકર ગોળ. ૨
ચોમાસાના ચારમાં, થાય બાજરી જાર;
શિઆળામાં ઘઉં ચણા, તે સર્વે તૈયાર." ૩

૧૩ માબાપના ગુણ વિષે. દોહરા.

"ડગમગ પગ ટકતો નહીં, ખાઈ ન શકતો ખાજ;
ઉઠી ન શકતો આપથી, લેશ હતી નહીં લાજ. ૧
એ અવસર આણી દયા, બાળકને માબાપ;
સુખ આપે દુખ વેઠીને એ ઉપકાર અમાપ. ૨
કોય કરે એવે સમે, બે ઘડી એ બરદાસ;
આખી ઉમર થઈ રહે, તે નરનો નર દાસ." ૩

૧૪ ઘર વિષે. ભુજંગી છંદ.

છજ્જાં જાળીઆં માળીઆં ખૂબ છાજે,
રૂડાં બારીએ બારણાં તો બિરાજે;
ઘડ્યાં પાણીઆરાં રસોડાં રૂપાળાં,
ચણ્યાં ઈંટથી ને દીસેછે ચૂનાળાં. ૧
તૂટે કે ન ફૂટે ભર્યાં નીર ટાંકાં,
પીએ એવા પાણી વળી લોક વાંકાં;
મીઠા બોલ બોલે સુડા શુદ્ધ મેનાં,
જડ્યાં પીતળે પાંજરાં રંગી જેનાં. ૨
બની બેઠકો ને કોરા અગાશી,
સૂવા સેજને હીંચકે ખાટ ખાસી;
ગલીચા બીછાવી ગમે તેવી રીતે,
ભલા ભૂપતિનાં કીધાં ચિત્ર ભીંતે." ૩

૧૫ થોડે થોડે ભણવા વિષે. દોહરા.

"ભણતાં પંડિત નીપજે, લખતાં લહિઓ થાય;
ચાર ચાર ગાઉ ચાલતાં, લાંબો પંથ કપાય. ૧
પોપટ પણ અભ્યાસથી, શીખે બોલતાં બોલ;
કાયર થઈ આળસ કરે, તે નર ખરને તોલ. ૨
કૂવા ઉપરના કઠણ જે, પાકા કાળા પાણ;
દોરડાંએ છેદાયછે, એ લેવું એંધાણ." ૩

૧૬ મૂરખાઈ વિષે. દોહરા.

"મૂરખ માથે શીંગડાં, નહીં નિશાની હોય;
સાર અસાર વિચાર નહીં, જન તે મૂરખ જોય. ૧
અક્ષર એક ન આવડે, ઉર અભિમાન અપાર;
જગમાં તેને જાણવો, સો મૂરખ સરદાર. ૨
વ્હેમ ભરી વાતો વડી, બહુ બહુ બકતો જાય;
શીખામણ નહીં સાંભળે, તે મૂરખનો રાય." ૩

૧૭ સર્વ વ્યાપક ઈશ્વર વિષે. દોહરા.

"આસ પાસ આકાશમાં, અંતરમાં આભાસ;
શ્વાસ ચાસની પાસ પણ, વિશ્વપતિનો વાસ. ૧
ભોંમાં પેશી ભોંયરે, કરીએ કાંઈ વાત;
ઘડીએ મનમાં ઘાટ તે. જાણે જગનો તાત, ૨
ખાલી જગ્યા ખોળીએ, કણી મૂકવા કામ;
ક્યાંએ જગકર્ત્તા વિના, ઠાલું ન મળે ઠામ." ૩

સામાન્ય જ્ઞાનના પાઠ છોકરાં આ ધોરણ શીખનારાં નાની ઉમરનાં હોય માટે ફક્ત તાત્પર્યજ લખ્યુંછે. વધારે

વિવેચનથી દરેક ચીજપર ખુલાસો કરવો તે શિક્ષકનુંજ કામ છે.

૧ કાચ વિષે:—ગુણ—૧ લીસો. ૨ કઠણ. ૩ પારદર્શક=એક છેડાથી બીજા છેડા સુધી સામી જણસ દેખાય તે (સોંસરી) જેમ પાણી. તેલ. ન દેખાય તે અપારદર્શક જેમ લાકડું, ભીંત, પથ્થર વિગેરે. ૪ બરડ=ઝટ ભાંગી ભૂકો થઈ જાય તે. ૫ ચળકતો.

૨ રબ્બર વિષે:—ગુણ—૧ કાળું. ૨ લીસું. ૩ ચીકણું=તાણ્યું ટુટે નહિ. તે ગુણ સીસાપેનની નિશાનીઓ ભૂશી નાખવાના કામમાં આવેછે. ૪ સ્થિતિસ્થાપક=આંગળી ખોસવાથી ખાડો પડે ને હાથ લઈ લેવાથી ખાડો પુરાઈ જાયતે; તથા તાણવાથી લાંબું થાય ને મૂકી દેવાથી હતું તેવુંજ થાય જેમ નેતર, ઘડિઆળની કમાન. ૫ અપારદર્શક=આ પારથી પેલે પાર સોંસરૂં ન દેખાય તે. જેમ લાકડું, માટી, ઝાલર, કમાડ, પાટીઉ વિગેરે તેથી ઉલટું પારદર્શક જેમ કાચ, પાણી, તેલ વિગેરે. ૬ સળગે તેવું.

૩ ચામડા વિષે:—જાણીતા ગુણ—૧ અપારદર્શક. ૨ લીસું. ૩ ચીકણું. મુખ્ય ગુણ—૧ વળે એવું. ૨ ટકાઉ. ૩ વાસવાળું. ૪ પાણી ન પેસે એવું. ખપ—જોડા, લગામ, જીન, ચોપડીઓનાં પૂઠાં વિગેરે એનાં બનેછે.

૪ પતાસું:—જાણીતા ગુણ—૧ અપારદર્શક. ૨ ધોળું. ૩ બરડ. ૪ કઠણ. ૫ મીઠું. ૬ ચળકતુ.

મુખ્ય ગુણ:—૧ પાણીમાં ઓગળેછે. ૨ તાપપર ગળેછે. ખપ=ખાવાસારૂં.

૫ પાણીઃ—જાણીતા ગુણ—૧ પારદર્શક. ૨ ચળકતું. ૩ સાફ કરનારી વસ્તુ છે.

મુખ્ય ગુણઃ—૧ પ્રવાહી કે રેડાય એવું. ૨ મ્હોં દેખાય એવું. કાચ જેવું. ૪ રંગવિનાનું. ૫ વાસવિનાનું. ૬ સ્વાદ વિનાનું. ૭ ગુણકારી. ૮ ભારે.

ખપઃ—સાફ કરવાને. જમીનને રસાળ કરવાને. પીવાને અને રસોઈના કામમાં ઘણું ઉપયોગી છે.

૬ કપૂરઃ—જાણીતા ગુણ—૧ ધોળું. ૨ ચળકતું. ૩ કઠણ. ૪ નક્કર. ૫ હલકું ૬ અર્દ્ધ પારદર્શક.

મુખ્ય ગુણઃ—૧ ખુશબોદાર. ૨ સેહેલથી ભૂકો થાય એવું. ૩ દારૂમાં ઓગળે એવું. ૪ ઘણું જલદીથી સળગે એવું. ૫ ઓસડના ગુણવાળું. ૬ ઉડી જાય એવું.

ખપ—દવાઈમાં; ઉડતા રોગ અટકાવવામાં; ને ચોપડીઓ, લૂગડાં વગેરેમાં ઉધેઈ ન પડે, તે માટે ઉપયોગી છે.

૭ જુવારનો રોટલોઃ—જાણીતા ગુણ—૧ કાણાંકાણાં વાળો. ૨ સોસે એવો. ૩ અપારદર્શક. ૪ નક્કર. ૫ ગુણકારી. ૬ ખાવાજોગ.

મુખ્ય ગુણઃ—૧ ધાતુપુષ્ટ એનો ગર—૧ પીળચટો. ૨ તાજો હોય ત્યારે નરમ છે. ૩ હવાયલો. એની પોપડી—૧ કઠણ. ૨ ખરડ. ૩ રંગે ભરી.

ખપ—શરીરને પોષણ કરવાને.

૮ નેતરઃ—ગુણ—૧ લીસી. ૨ પીળી. ૩ ચળકતી. ૪ વળે એવી. ૫ સ્થિતિસ્થાપક. ૬ રેસાવાળી. ૭ ગાંઠાવાળી.

૯ સુંઠઃ—જાણીતા ગુણ—૧ કઠણ. ૨ ઝાંખી. ૩ સૂકી. ૪ ખુશબોદાર. ૨ ચીકણી. ૬ અપારદર્શક. ૭ ગુણકારી.

૮ ઓસડના ગુણવાળી. ૯ રંગે ભરાશપર.

મુખ્ય ગુણઃ—૧તીખી. ૨ રેસાવાળી. ૩ કાંગરાવાળી.

ખપ—ખોરાકને સ્વાદ આપવા માટે; તથા દવાને સારૂ.

૧૦ ચોખાઃ—જાણીતા ગુણ—૧ ધોળા. ૨ કઠણ. ૩ અપારદર્શક. ૪ લીસા. ૫ ચળકતા. ૬ નક્કર. ૭ સોસે એવા. ૮ ગુણકારી. ૯ કાણાં કાણાં વાળા.

મુખ્ય ગુણ—૧ કરકરા. ૨ ધાતુપુષ્ટ.

ખપ—શરીરને પોષણ કરવાને માટે.

૧૧ મીઠું:—જાણીતા ગુણ—૧ ધોળું. ૨ કઠણ. ૩ અપારદર્શક. ૪ ઓગળે એવું. ૫ તાપપર બળે એવું.

મુખ્ય ગુણઃ—૧ ચકચકતું. ૨ દાણાદાર. ૩ સ્વાદિષ્ટ. ૪ ખારૂં

ખપ—ખોરાકને સ્વાદિષ્ટ કરવાને, તથા સડીજવાથી અટકાવવાને, અને જમીનમાં ખાતર પૂરવાને.

૧૨ શીંગડું:—જાણીતા ગુણ—૧ કઠણ. ૨ ઝાંખું ૩ રેસાવાળું. ૪ અક્કડ. ૫ પીળાશપર ભૂરૂં. ૬ અપારદર્શક.

મુખ્ય ગુણઃ—૧ ખરબચડું. ૨ પોલું. ૩ બળેત્યારે વાસવાળું. ૪ અણિઆળું.

ખપ—કાંચકી, સરસ, દાબડી, છરી, ચપ્પુના હાથા બનાવવામાં કામ આવેછે.

૧૩ હાથીદાંત:—જાણીતા ગુણ—૧ ધોળો. ૨ ચળકતો ૩ અપારદર્શક. ૪ નક્કર.

મુખ્ય ગુણ—૧ કઠણ. ૨ લીસો. ૩ ટકાઉ.

ખપ—રમકડાં, કાંસકિયો, ચલાણિયો, સૂડા, કોયલ, સોકટાં પાસા, વગેરે બનાવવાને સારૂ.

૧૪ ચાક (સફેતો—જાણીતા ગુણ—૧ ધોળો. ૨

અપારદર્શક. ૩ ઝાંખો. ૪ કડણ. ૫ નક્કર. ૬ સૂકો.

મુખ્ય ગુણઃ—૧ સહેલથી ભૂકો થાયછે. ૨ તેજાબમાં ઉભરાય એવો.

ખપ—લખવામાં તથા ઓસડને સારૂ કામ આવેછે.

૧૫ આવળના ઝાડની છાલનો કડકોઃ—જાણીતા ગુણ—૧ સૂકી. ૨ ઝાંખી. ૩ નક્કર. ૪ અપારદર્શક. ૫ અક્કડ. ૬ ટકાઉ. ૭ રેસાવાળી. ૮ સળગે એવી. ૯ ખરબ-ચડી

મુખ્ય ગુણ—૧બંધકોસ. ૨ રંગે ભૂરી. ૩માંહેથી લીસી,

ખપ—ઝાડને નુકસાન ન પહોંચે માટે તથા ચામડાં રંગવા માટે.

૧૬ ઇંદ્રિયોઃ—૧આંખથી જોવું. ૨ નાકથી સૂંઘવું. ૩ ચામડીથી લાગવું. ૪ જીભથી ચાખવું. ૫ કાનથી સાંભળવું. પાંચેનાં નામ. ૧ આંખ ૨ નાક. ૩ શરીર ૪ જીભ. ૫ કાન.

ઉપરના સઘળા સામાન્ય જ્ઞાનના પાઠો આખા ક્લાસની એક અથવા વધારે ટુકડીઓ લઈ કાળા પાટીઆ સામા બેસાડી; શિક્ષકે કાળા પાટીઆ પાસે હાથમાં ચાક તથા લૂછવાનો લૂગડાનો કડકો લઈ કથિત પાઠમાળાની બુકમાં આ જે પાઠોછે તે આધારે અનુક્રમ ગુણ કઢાવનાં સૂચક પદ્ધતિથી કામ લેવું. એટલે તમામ બાબતો છોકરાઓને બરાબર સમજાઈ જશે.

પરીક્ષાને લગતા પ્રશ્નો.

૧ ૩૫×૭. ૩૯×૯ ૨૪×૫. ૩૭×૧૧. ૬૨×૧૧. ૮૯×૧૧.

૨ ઔ. ખા. ણિ. મા. ઢાં. ખો. સૈ.

૩ પાઠ ૨૫ મો વાંચો અને તેમાંના શબ્દ સમજાવો ?

૪ મરજીમાં આવે તે ગીત બોલો ?

૬ સામાન્ય જ્ઞાનના પાઠમાં કાચ, કપૂર, જુવારનો રોટલો ને ઇંદ્રિઓનું સમજાવો?

અતિ ઉપયોગી !!! અતિ ઉપયોગી !!! ખરીદો.

ને ખાત્રી કરો જાહેર ખબર (મારી તરફથી મળવાનાં પુસ્તકો.)

ઉપરની દસ ઉપરાંત રાખનારને સેંકડે દસ ટકા કમીશનને ટપાલખર્ચ માફ, વેલ્યુપેએબલથી મોકલવા રીવાજ રાખ્યો છે. અગાઉથી નાણાં મોકલનારને પણ મોકલીશું. પરંતુ ઉધાર મંગાવવાની તસ્દી તો કોઇએ લેવીજ નહિ. ટીકીટથી નાણાં મોકલનારે દર રૂપિએ વટાવની એક ટીકીટ જાદે મોકલવી. વધારે ખુલાસો જોઇએ તેણે રીપ્લાઈ પત્તાથી લખવાથી મળશે. નોટપેડ પત્ર લેવામાં નહિ આવે. ઉપરની સઘળી બુકોનાં કદ, કાગળ, પુંઠાં, છપામણી, પોસ્ટખર્ચ, પરચુરણખર્ચ, રજીસ્ટર, તથા કમીશન વિચાર સાથે મહેનત, રોકાએલાં નાણાં તથા લાંબો વખત તે એકંદર તેના ગુણ વિગેરેથી મુકાબલો બીજી બુકો સાથે કરવાથી જણાશે જે આ કેટલાં કિંમતમાં કમી તથા ઉપયોગી છે!!! આ બુકોનો ઉપયોગ કરવાથી વધારાની બુકોની જરૂર થોડી રહેશે. એટલે થોડી મહેનતે થોડા વખતમાં થોડા ખર્ચે સારૂં પરિણામ આવશે. ને છૂટક નોટોની કડાકૂટ આથી દૂર થવા સંભવછે; તેમ છતાં આમ કમી કિંમત રાખવાનું કારણ એજ કે તે નિશાળના બાળકોનાં ઉપયોગી પુસ્તકો જાણુંનિજ.

૧ ગૂ. બા. ની. સ. બા. ખુ. નોટ.	કિં. ૦-૧-૬	પોસ્ટખર્ચ.	૦-૦-૬
૧ ગૂ. પે. ધો. સ. બા. ખુ. નોટ.	કિં. ૦-૨-૦	,,	૦-૦-૬
૧ ગૂ. બી. ધો. સ. બા. ખુ. નોટ.	કિં. ૦-૬-૬	,,	૦-૦-૬
૧ ગૂ. ત્રી. ધો. સ. બા. ખુ. નોટ.	કિં. ૦-૮-૦	,,	૦-૦-૬
૧ ગૂ. ચો. ધો. સ. બા. ખુ. નોટ.	કિં. ૦-૧૪-૦	,,	૦-૧-૦

૧ ગૂ. પાં. ધો. સ. બા. ખુ. નોટ.	કિં. ૧-૪-૦	,,	૦-૧-૦
૧ ગૂ. છ. ધો. સ. બા. ખુ. નોટ.	કિં. ૧-૧૨-૦	,,	૦-૨-૦

ઉપરનાં સઘળાં પુસ્તકો ઉપરના ઠરાવ પ્રમાણે મારી તરફથી તથા મુંબાઇઇલાકાનાં મુખ્ય મુખ્ય સ્થળોમાં મારા એજંટો પાસેથી મળશે.

પ્રસિદ્ધ કર્ત્તા સેવક.
કુંવરજી ગગજી ભટ્ટ. (પાણશીણાવાળા.)
સ૦ વર્નાક્યુલર સ્કૂલમાસ્તર ઓફમોણપુર.
તા. ચીત્તલઃ—કાઠિઆવાડ.

શિવાય મારી તરફના મળવાના નકશા નીચે પ્રમાણે.

૧ કાઠિઆવાડ ઇલાકાનો નકશો.	કીં. ૦-૦-૮	પોસ્ટેજ.	૦-૦-૬
૧ મુંબઈ ઇલાકાનો નકશો.	કીં. ૦-૦-૮	,,	૦-૦-૬
૧ હિંદુસ્તાનનો નકશો.	કીં. ૦-૦-૮	,,	૦-૦-૬

ઉપરના નકશા મારી તરફથી તથા મુંબઈ ઇલાકાનાં મુખ્ય મુખ્ય સ્થળોમાં મારા એજંટો તરફથી રોકડી કિંમતે મળશે. દસ કરતાં જાદે મંગાવનારને પોસ્ટેજ માફ તથા સેંકડે દસ ટકા કમીશન પણ કાપી આપવામાં આવશે.

પ્રસિદ્ધ કર્ત્તા.
કુંવરજી ગગજી ભટ્ટ. (પાણશીણાવાળા)
સ૦ વર્નાક્યુલર સ્કૂલમાસ્તર ઓફ મોણપુર.
તા. ચીત્તલ-પ્રાંત કાઠિવાડ.